सत्यमेव जयते

Government of Gujarat

**વર્ષ ૨૦૨૨-૨૩ નવી બાબત**

**માંગણી ક્રમાંકઃ ૯૬, રૂ. ૨૭.૬૦/-લાખ**

**આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ધોરણ-૧૨ની ૦૨ (બે) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી વર્ગ શરૂ કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક :અમશ/૧૧૨૦૨૧/ન.બા-૦૬/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૮/૦૫/૨૦૨૨.

**વંચાણે લીધાઃ-**

(૧) મુંબઇ સરકારના શિક્ષણ વિભાગનો તા.૨૨/૧૨/૧૯૫૩નો ઠરાવ ક્રમાંકઃBCH/૧૬૫૩/ED

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૧૯૮૮નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૪૮૮/૬૬૫/ગ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૧૦/મં-૩/ઘ

(૪)કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૩૦/૧૧/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃઆવિ/આશા/ ફા.નં.૨૮૩૪/૨૦૨૧/૧૨૯૭

**પ્રસ્તાવનાઃ-**

કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના ક્રમાંક- (૪) થી વંચાણે લીધેલ તા.૩૦/૧૧/૨૦૨૧ના પત્રથી ધોરણ-૧૨ની આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની ૦૨ (બે) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે ક્રમિક વિકાસથી વર્ગ શરૂ કરવાની રૂ.૨૭.૬૦/- લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરીની દરખાસ્ત હેઠળની ૦૨(બે) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ માટે ધોરણ-૧૨ના વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની કુલ રૂ.૨૭.૬૦ લાખની કુલ-૫ શિક્ષણ સહાયકના મહેકમની નવી બાબતને મંજૂર કરવામાં આવે છે.

ઉક્ત મંજૂરી અન્વયે નીચેની યાદી **આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની ૦૨(બે) ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓમાં** ધોરણ-૧૦ના ક્રમિક વર્ગ તથા તે માટે મંજૂર કરેલ ૫ (પાંચ) શિક્ષણ સહાયક સંવર્ગ, વર્ગ૩-ના મહેકમને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૨. ધોરણ-૧૨નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી આપેલ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની યાદી

| આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | | |
|---|---|---|---|
| ક્રમ | સંસ્થાનું નામ | આશ્રમશાળાનું સ્થળ | મંજૂર કરેલ શિક્ષણ સહાયક સંવર્ગની જગ્યા |
| (૧) | હળપતિ સેવા સંઘ, બારડોલી | ભુવાસણ, તા.બારડોલી, જિ.સુરત | ૩ |
| (૨) | હળપતિ સેવા સંઘ, બારડોલી | અમલસાડી, તા.બારડોલી, જિ.સુરત | ૨ |

૩. **શરતો :-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૯) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૧૪) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીની રહેશે.

(૧૫) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૬) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૭) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૮) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ (કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૯) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૦) ગુજરાત સરકારના નિયમ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ વૉક-ઈન-ઈન્ટરવ્યુ(સાક્ષાત્કાર કસોટી) દ્વારા ભરી શકાશે નહીં.

(૨૧) રાજ્ય સરકાર દ્વારા વખતો-વખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨૨) શિક્ષણ વિભાગની નીતિ પ્રમાણે ઉચ્ચતર માધ્યમિક શાળાની માધ્યમિક શિક્ષણ બોર્ડની મંજૂરી મેળવી ધોરણ-૧૧નો વર્ગ શરૂ કરવાનો રહેશે.

(૨૩) વર્ગદીઠ છાત્રોની સંખ્યા ૪૦ની રહેશે.

(૨૪) શાળાએ જરૂરી પ્રમાણપત્રો, આંકડાકીય માહિતી, રજીસ્ટરો તથા અન્ય રેકર્ડ અદ્યતન રીતે નિભાવવાના રહેશે. બાયોમેટ્રિક એટેન્ડન્સ સીસ્ટમ પ્રમાણે હાજરી નિભાવવાની રહેશે.

(૨૫) સંસ્થાએ વિદ્યાર્થીઓના નોર્મ્સ મુજબ તમામ ભૌતિક સુવિધાઓ જેવી કે પૂરતું ક્ષેત્રફળ ધરાવતું મકાન, વર્ગખંડ માટેની જગ્યા, પીવાના પાણીની સુવિધા, પલંગ, પથારી–પાંગરણની સુવિધા, બાથરૂમ, ટોયલેટની સંપૂર્ણ સુવિધા તાત્કાલિક ઉપલબ્ધ કરવાની રહેશે.

(૨૬) આદિજાતિ વિકાસ વિભાગે કે શિક્ષણ ખાતાએ વખતોવખત નિયત કરેલ શિક્ષણ વિષયક સામાન્ય નિયમોનું કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉચિત રીતે પાલન કરવાનું રહેશે.

(૨૭) સંસ્થાને આપવાની થતી ગ્રાન્ટનું પ્રમાણ સરકારશ્રીના વખતોવખતના નિયમોને આધીન રહેશે.

(૨૮) ભરતીની માન્ય પ્રક્રિયા સિવાય સંસ્થાકીય રીતે નિમાયેલ તથા સામાન્ય રીતે નિમાયેલ શૈક્ષણિક /બિન શૈક્ષણિક સ્ટાફની નિમણૂંકો નિયમિત થઈ શકશે નહી. આ બન્ને પ્રકારે નિમાયેલ શૈક્ષણિક /બિન શૈક્ષણિક કર્મચારીઓને સંસ્થાએ છૂટા કરવાના રહેશે.

(૨૯) સંસ્થા આશ્રમશાળાના સંચાલન અને વહીવટ માટે નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય ગાંધીનગર તરફથી જે સૂચનાઓ આપવામાં આવતી હોય તેનો ચુસ્તપણે પાલન કરતી હોવી જોઇશે.

(૩૦) સંસ્થા દ્વારા કન્યાઓની સુવિધા અને સુરક્ષા માટે પુરતી વ્યવસ્થા કરેલી હોવી જોઈશે.

(૩૧) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો–વખત ચાલુ રાખવાની થાય તો કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ વિભાગને દરખાસ્ત રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૪. ક્રમિક વિકાસથી મંજૂર થયેલ ધોરણ–૧૨ના ઉક્ત ક્રમિક વર્ગ માટેની પ્રસ્તુત રૂ.૨૭.૬૦ લાખની નવી બાબતનો ખર્ચ વર્ષ ૨૦૨૨–૨૩ના અંદાજપત્રમાં નીચેના પત્રકની વિગતોએ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે .

| ક્રમ | માંગણી ક્રમાંક અને સદરની વિગત | મંજૂર થયેલ રકમ (લાખમાં) | મંજૂર મહેકમની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | **આદિજાતિ વિસ્તાર પેટા યોજના**<br>માંગણી ક્રમાંકઃ ૯૬ મહેસૂલ,<br>મુખ્ય સદરઃ ૨૨૨૫–અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૦૯ વીકેવાય–૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળા [illegible] | ૨૭.૬૦ | ૦૫ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૨/૦૫/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(આઇ.એ.દેસાઇ)**
**સંયુક્ત સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**પ્રતિ:-**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિજાતિ વિકાસ,બિરસામુંડા ભવન,સેકટર-૧૦/એ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ.
- સિલેકટ ફાઇલ